પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૪ | ૭ માર્ચ, ૨૦૧૭, મંગળવાર ; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મોદીની ગઢવા આશ્રમમાં ગૌ-સેવા



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વારાણસીમાં સતત ત્રીજા દિવસે પ્રચાર કર્યો હતો. આ દરમ્યાન પ્રસિદ્ધ ગઢવા આશ્રમમાં ગૌ-સેવા કરી હતી. તેમણે ગાયને કેળાં અને ઘાસ નીર્યા હતા. આશ્રમના સંચાલકોએ પચાસથી વધુ રુદ્રાક્ષની માળાઓ પહેરાવી સ્વાગત કર્યુ હતુ.

### લાહોરથી દેખાશે તિરંગો



અટારી વાઘા બોર્ડર પર દેશનો સૌથી ઉંચો તિરંગો લહેરાવાયો છે. ૫૫ ટનના પોલ ઉપર લહેરાયેલા આ તિરંગાની ઉંચાઈ ૩૬૦ ફૂટ છે. ૧૨૦X૬૦ ફૂટનો તિરંગો સો કિલો વજન ધરાવે છે. જે લીમ્કા બુકમાં સ્થાન પામશે. આ તિરંગો લાહોરથી પણ દેખાશે.

### કપીલ શર્મા નેત્રદાન કરશે



સુપ્રસિદ્ધ ટીવી હાસ્ય કલાકર કપીલ શર્માએ તાજેતરમાં રાષ્ટ્રીય નેત્રહીન ટીમને આમંત્રિત કરી હતી. આ ખેલાડીઓ સાથેની વાતચીત દરમ્યાન તે ઘણો પ્રભાવિત થયો હતો. અને પોતાની આંખો દાન કરવાની જાહેરાત કરી હતી.

### લગ્ન માટે રજા ન મળતા પોલીસકર્મીએ પોતાને ગોળી મારી

મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર આરપીએફના કોન્સ્ટેબલ દલવીરસિંહે પોતાની સર્વિસ રાઈફલમાંથી પોતાને ગોળી મારી દીધી હતી. દલવીરસિંહના લગ્ન થવાના હતા. આ માટે તેને રજાની માંગણી કરી હતી. પરંતુ તેની ઈચ્છા મુજબ રજાઓ ન મળતાં તેણે પોતાને ગોળી મારી દીધી હતી.

### સાડા સાત અબજની દુનિયામાં પાંચ અબજ મોબાઈલ



એસોસીએશન ઓફ મોબાઈલ ઓપરેટર્સના એક રીપોર્ટમાં જુન-૨૦૧૭ સુધીમાં સાડા સાત અબજની વિશ્વની વસતીમાં પાંચ અબજ મોબાઈલ યુઝર્સ હશે. સમગ્ર દુનિયામાં ભારત ઝડપથી વિકસતુ મોબાઈલનુ બજાર છે.

# હાશ, હવે ઉત્તરપ્રદેશમાં પ્રચારના પડઘમ શાંત

## આઠમીએ અંતિમ તબક્કાનું મતદાન : ૧.૪૧ કરોડ મતદારો ૫૩૫ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે સજ્જ



લખનૌ,તા. ૬

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના સાતમાં અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવી ગયો હતો. આની સાથે જ મતદાનનો તખ્તો હવે ગોઠવાઈ ચુક્યો છે. આઠમી માર્ચના દિવસે હવે મતદાન યોજાશે. અંતિમ તબક્કાના મતદાનને લઈને ભાજપ, સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી હતી. છેલ્લા દિવસે પણ હાઈવોલ્ટેજ ચૂંટણી પ્રચારનો દોર ચાલ્યો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભાજપ તરફથી નેતૃત્વ કરતા નજરે પડ્યા હતા. આ ચૂંટણી કેટલી મહત્વપૂર્ણ છે તે બાબતનો અંદાજ આનાથી લગાવી શકાય છે કે શનિવારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીપણ ઉત્તરપ્રદેશમાં જ સક્રિય થયેલા હતા. સાતમાં અને અંતિમ તબક્કાની ચૂંટણી કરો અથવા તો મરોની સ્થિતી સમાન બની ગયેલી છે. મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસી સહિત સાત જિલ્લાની ૪૦ વિધાનસભા બેઠક પર આઠમી માર્ચે

● અનુસંધાન પાન-૭ પર

# બાબરી ધ્વંસ કેસમાં અડવાણી, જોશી, ઉમા પર કેસ ચાલી શકે

## ૨૨મીએ સુનાવણી હાથ ધરાશે : કાવતરાના આરોપી તરીકે રજુ કરવામાં આવે તેવી શક્યતા



નવી દિલ્હી,તા. ૬

બાબરી વિધ્વંસ મામલામાં ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને કેન્દ્રિય મંત્રી ઉમા ભારતી સહિત ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓના ભાવિ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તેમને આ મામલામાં ફરીથી કાવતરાના આરોપી તરીકે બનાવી શકાય છે. બાબરી વિધ્વંસ મામલામાં તેમની સામે ચાલી રહેલા કેસ મામલામાં ૨૨મી માર્ચના દિવસે ફરી સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ મામલામાં આરોપીઓની સામે ટ્રાયલમાં થઈ રહેલા વિલંબ મુદ્દે સુપ્રિમ કોર્ટે આજે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ઝડપી તપાસ હાથ ધરવામાં આવે તે જરૂરી છે. ઝડપી તપાસના સંકેત સુપ્રિમ કોર્ટે પરોક્ષ રીતે આપ્યા હતા. આ સંબંધમાં કોર્ટ ૨૨મી માર્ચના દિવસે સુનાવણી હાથ ધરનાર છે. સાથે સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે આની સાથે જોડાયેલા બે મામલાની સુનાવણી સંયુક્ત રીતે એક જ અદાલતમાં થવી જોઈએ. આજે કોર્ટે સંકેત આપ્યો હતો કે ભાજપના ૧૩ નેતાઓ અને અન્ય હિન્દુવાદી સંગઠનના નેતાઓને ૧૯૯૨ના બાબરી વિધ્વંસ મામલામાં કાવતરાના આરોપી બનાવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# બેંગલોર ટેસ્ટ રોમાંચક તબક્કામાં

## ઓસ્ટ્રેલિયા ૨૭૬ રને ઓલઆઉટ : ભારતના બીજા દાવમાં ચાર વિકેટે ૨૧૩ રન : બંને ટીમોને જીતવાની તક : ઓસ્ટ્રેલિયા પર ૧૨૬ રનની લીડ અને છ વિકેટ હાથમાં



બેંગલોર,તા. ૬

બેંગલોરના ઐતિહાસિક ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે તેના બીજા દાવમાં ચાર વિકેટે ૨૧૩ રન બનાવ્યા હતા. આની સાથે જ ભારતને હવે લીડ ઓસ્ટ્રેલિયા ઉપર ૧૨૬ રનની થઈ ગઈ છે અને તેની છ વિકેટ હાથમાં છે. તે જોતા આ ટેસ્ટ મેચમાં બંને ટીમોને જીતવાની એકસમાન તક રહેલી છે. ઓસ્ટ્રેલિયાની નજર હવે ભારતને ચોથા દિવસે સસ્તામાં આઉટ કરવાની રહેશે. જ્યારે ભારત વધુને વધુ લીડ મેળવવાના સાથે આવતીકાલે મેદાનમાં ઉતરશે. આજે રમત બંધ રહી ત્યારે ચેતેશ્વર પૂજારા ૭૯ રન સાથે રમતમાં હતો.

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાન દ્વારા ૯૪ માછીમારો પકડાયા

## પાકિસ્તાન મેરીટાઈમ સિક્યુરિટીના કૃત્યો જારી : ૨૦૧૭ના માર્ચમાં છ બોટ સાથે ૨૪ માછીમારોને પકડી પાડવામાં આવ્યા છે : વડાપ્રધાન મોદીની સમક્ષ રજુઆત



અમદાવાદ, તા.૬

પાકિસ્તાન સિક્યુરિટી મરીન એજન્સી (પીએમએસએ) દ્વારા ગુજરાતના માછીમારોને મોટા પ્રમાણમાં પકડી પાડેલા છે. શનિવારના દિવસે પણ વધુ ભારતીય માછીમારોને પકડી પાડવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૭માં હજુ સુધી સત્તાવાર રીતે છ બોટ અને ૨૪ માછીમારોને પાકિસ્તાન દ્વારા પકડી પાડવામાં આવ્યા છે. પોરબંદરમાં માછીમારોની સંસ્થાએ અહેવાલ આપતા કહ્યું છે કે જખૌ દરિયાકાંઠે ભારતીય દરિયામાંથી મંગળવારે રાત્રે પાકિસ્તાન દ્વારા ચાર વધુ બોટ સાથે ૨૪ માછીમારોને પકડી પાડવામાં આવ્યા હતા. અગાઉ એવા અહેવાલ મળ્યા હતા કે ૧૫ બોટ સાથે ૭૦ જેટલા માછીમારોનું પાકિસ્તાન દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું છે અથવા તો તેમને પકડી પાડવામાં આવ્યા છે. પાકિસ્તાન દ્વારા વર્ષ ૨૦૧૬માં જુદા જુદા મહિનામાં જુદી જુદી સંખ્યામાં બોટ અને માછીમારોને પકડી પાડ્યા હતા. દરિયાઈ વિસ્તારમાં પાકિસ્તાને ભારતીય માછીમારોને ટાર્ગેટ બનાવવાનો સીલસીલો જારી રાખ્યો છે. બીજી બાજુ હવે માછીમારો સાથે જોડાયેલી ફોરમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાલમાં પકડી રાખવામાં આવેલી ૧૦૦થી વધુ ફિશીંગ બોટને મુક્ત કરાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા અપીલ કરી છે. પાકિસ્તાને ગયા વર્ષે જૂન મહિનામાં આને લઈને તૈયારી પણ બતાવી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ ૯૨૫ જેટલી ફિશીંગ બોટ પાકિસ્તાનમાં પકડી પાડવામાં આવેલી છે જેની કિંમત ૪૬૦ કરોડ રૂપિયાની આસપાસ છે.

# આજે ગુજરાત પધારતા પ્રધાનમંત્રી

## ગાંધીનગર, ભરૂચ અને સોમનાથના પ્રવાસે : પ્રધાનમંત્રી બન્યા બાદ પહેલી વખત સોમનાથના દર્શને

ગાંધીનગર, તા. ૬

વડાપ્રધાન બે મહિનાના ટુંકાગાળામાં આજથી બે દિવસના પ્રવાસે બીજીવાર ગુજરાત આવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાન્યુઆરીમાં વાયબ્રન્ટ સમીટના ઉદ્‌ઘાટન સમારોહને લઈ ગુજરાત આવ્યા હતા. આ વેળાએ વિશ્વ મહિલા દિવસની રાષ્ટ્રીય સ્તરની ઉજવણીના સમાપન સમારોપમાં હાજરી આપવા ગાંધીનગર આવી રહ્યા છે.

વડાપ્રધાન મોદી ૭મીએ ભરૂચ નજીક બનાવાયેલ કેવલ સ્ટેન્ડ બ્રીજનું લોકાર્પણ કરશે. આ પછી તેઓ ત્યાં એક સભાને પણ સંબોધશે. વડાપ્રધાન રાત્રે ગાંધીનગર આવી પહોંચશે. જ્યાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ યોજેલા ભોજન સમારોહમાં હાજરી આપશે. રાત્રિ રોકાણ તેઓ રાજભવન ખાતે કરનાર છે. બુધવારે સવારે તેઓ દીવ થઈ સોમનાથ મંદિરના દર્શનાર્થે જવાના છે. પ્રધાનમંત્રી બન્યા પછી મોદી પહેલીવાર સોમનાથ મંદિરના દર્શને જઈ રહ્યા છે.

જ્યાં તેમની સાથે પૂર્વ મુખ્યમંત્રી અને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી કેશુભાઈ પટેલ, ટ્રસ્ટ અને સાંસદ એલ.કે. અડવાણી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ, પૂર્વ મુખ્ય સચિવ અને ટ્રસ્ટી પી.કે. લહેરી પણ જોડાશે.

સોમનાથના દર્શન કરી તેઓ બપોરે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણીના સમાપન સમારોપમાં હાજરી આપી સંબોધન કરશે અને રાત્રે દિલ્હી પરત જશે.

વડાપ્રધાનની મુલાકાતને લઈ ગાંધીનગરમાં પોલીસ બંદોબસ્ત સઘન બનાવવામાં આવ્યો છે. તંત્રે પણ તેમના આ પ્રવાસને લઈ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.


### ગુજરાતનો વિગતવાર કાર્યક્રમ

**તા. ૭-૩-૨૦૧૭, મંગળવાર**

- બપોરે ૨.૩૦ વાગે સુરત એરપોર્ટ પર વડાપ્રધાન મોદીનુ આગમન
- સુરતથી હેલીકોપ્ટર દ્વારા નરેન્દ્ર મોદી દહેજ પહોચશે
- દહેજ ખાતે ઓપેલ પ્લાન્ટની મોદી વિધીવત રીતે મુલાકાત લેશે
- ઓપેલ પ્લાન્ટ ખાતે ૫૦ મિનિટ સુધી મોદી રોકાય તેવી સંભાવના
- સાંજે ૫ વાગે પીએમ મોદી ભરૂચ પહોંચવાનો કાર્યક્રમ ધરાવે છે
- બે કાર્યક્રમમાં ભરૂચ ખાતે મોદી ખાસ હાજરી આપશે
- નવનિર્મિત પુલ અને ઓપેલ પ્લાન્ટની તકતીઓનું અનાવરણ કરશે
- કૃષિ યુનિવર્સિટી મેદાન ખાતે જાહેરસભાને મોદીનું સંબોધન
- સાંજે ૭ વાગે અમદાવાદ એરપોર્ટ પર સાતમી માર્ચે પહોંચી જશે
- ૭.૩૦ વાગે ગાંધીનગર રાજભવન નરેન્દ્ર મોદી પહોંચશે
- રાત્રે ૮ વાગે સીએમ રૂપાણી આયોજિત રાત્રિભોજમાં ભાગ લેશે
- ગાંધીનગર રાજભવન ખાતે રાત્રીરોકાણ કરશે

**તા. ૮-૩-૨૦૧૭ બુધવાર**

- ૮ માર્ચે સવારે ૮ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી દીવ જશે
- ૯.૩૦ વાગ્યે સોમનાથ મંદિરે પહોંચશે
- ૧૧ વાગ્યા સુધી સોમનાથ મંદિર દર્શન કરશે
- ૧૧ વાગે ગાંધીનગર આવવા રવાના થશે
- બપોરે ૨.૩૦ વાગે મહાત્મા મંદિર ખાતે આપશે હાજરી
- મહિલા સરપંચોની કોન્ફરન્સનું ઉદઘાટન કરશે
- મહિલા સરપંચોને સંબોધન કરશે
- સાંજે ૬ વાગે અમદાવાદથી દિલ્હી જવા રવાના




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

